પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૩૯ | ૧૯ ફેબ્રુઆરી, ૨૦૧૮, સોમવાર ; ફાગણ સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**કોંગ્રેસને વોટ આપશો તો ઉજ્જવલા યોજનાનો લાભ નહી : યશોધરા રાજે**

મધ્યપ્રદેશની કોલારસ વિધાનસભા સીટના ભાજપના ઉમેદવારના પ્રચાર દરમ્યાન રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજેના બહેન અને મધ્યપ્રદેશ સરકારના મંત્રી યશોધરા રાજેએ કહ્યુ હતુ કે જે લોકો કોંગ્રેસને મત આપશે તેમને ઉજ્જવલા યોજનાનો લાભ નહી મળે.

**બોંબ બનાવવાની સામગ્રી સાથે બાંગ્લાદેશમાં ત્રણ આતંકવાદીઓની ધરપકડ**

બાંગ્લાદેશના રાજશાહી શહેરમાંથી જેએમબીના ત્રણ આતંકવાદીઓની ધરપકડ કરાઈ છે. તેમની પાસેથી બોંબ બનાવવાની સામગ્રી મળી આવી છે.

**દુશ્મનો અમારી પરીક્ષા ન કરે : નેતન્યાહૂ**

ઈઝરાઈલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂએ કહ્યુ છે કે ઈરાક અમારી પરીક્ષા ન કરે. ઈરાકના ડ્રોબ વિમાનના લુંટેલા ભાગને હાથમાં લઈ મ્યૂનિખ સુરક્ષા સંમેલનમાં તેઓએ આમ કહ્યુ હતુ.

**હિમ સખ્લનથી રશીયન સ્કીયરની મોત**

ઉત્તરી કાશ્મીરના બારામુલ્લા જિલ્લાના ગુલમર્ગમાં હિમ સખ્લનથી રશિયન સ્કીરયરનું મૃત્યુ નીપજ્યુ છે. તેની સાથે અન્ય ચાર સ્કીઅર પણ હતા જેઓને બચાવી લેવાયા છે.

# ત્રિપુરામાં શાંતિપૂર્ણ ૭૪ ટકા મતદાન



**ઉંચા મતદાન બાદ ડાબેરીઓ અને ભાજપમાં ઉત્સુકતા વધી : ૧૨ જગ્યાઓએ ઇવીએમ બદલવાની ફરજ : તમામ ઉમેદવારોના ભાવિ સીલ થયા : ત્રીજી માર્ચના દિને ત્રિપુરામાં કોની સરકાર બનશે તે અંગે ફેસલો**

અગરતલા,તા. ૧૮

ત્રિપુરામાં આજે ૬૦ વિધાનસભા પૈકી ૫૯ સીટ માટે શાંતિપૂર્ણ વાતાવરણમાં ઉંચુ મતદાન થયું હતું. મતદાન પૂર્ણ થયા બાદ ૭૪ ટકાથી પણ ઉંચુ મતદાન થયું હોવાની ચૂંટણી પંચે વાત કરતા ડાબેરીઓ અને ભાજપમાં અટકળોનો દોર શરૂ થયો હતો. ડાબેરીઓ છેલ્લા ૨૫ વર્ષથી સત્તા પર છે. આ વખતે સત્તા ટકાવી શકશે કે કેમ તે અંગેનો ફેસલો હવે મતગણતરીના દિવસે એટલે કે ત્રીજી માર્ચના દિવસે થશે. તમામ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા છે. આજે ઈવીએમ ખરાબ થવાના બનાવ બન્યા હતા જેમાં ૧૨ ઈવીએમ મશીનો બદલવામાં આવ્યા હતા. મુખ્યમંત્રી માણિક સરકારે પણ સવારમાં જ મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. મતદાનને લઈને તમામ તૈયારી પહેલાથી જ પૂર્ણ કરી લેવામાં આવી હતી. ઉત્તરપૂર્વના ત્રણ રાજ્યો મેઘાલય, નાગાલેન્ડ અને ત્રિપુરામાં હવે વિધાનસભાની ચૂંટણી યોજાઈ રહી છે. આ ત્રણ રાજ્યો પૈકી ત્રિપુરામાં આજે મતદાન યોજાયું હતું. ત્રિપુરામાં મોટા ભાગે આદિવાસી વસ્તી છે. ૨૫ વર્ષના લાંબા ગાળાથી પ્રદેશની સત્તા પર રહેલા ડાબેરીને પછડાટ આપવા માટે આ વખતે ભાજપે તમામ તાકાત લગાવી છે. ત્રિપુરામાં ૨૫.૩૩ લાખથી વધારે મતદારો

● અનુસંધાન પાન-૭ પર

## દર ૪ કલાકે એક બેંક કર્મી ઠગાઈમાં પકડાય છે

**રિઝર્વ બેંકના નવા ડેટામાં ચોંકાવનારો ઘટસ્ફોટ : પહેલી જાન્યુઆરી ૨૦૧૫થી ૩૧મી માર્ચ ૨૦૧૭ વચ્ચે જાહેર ક્ષેત્રના ૫૨૦૦ કર્મચારીઓને સજા ફટકારાઈ છે**

બેંગ્લોર, તા. ૧૮

દરેક ચાર કલાકમાં એક બેંક કર્મચારી સરેરાશ છેતરપિંડીના મામલામાં પકડાય છે. રિઝર્વ બેંક દ્વારા તૈયાર કરવામાં આવેલા ડેટામાં આ મુજબની વાત કરવામાં આવી છે. આમા જણાવવામાં આવ્યું છે કે, દેશમાં દરેક ચાર કલાકમાં એક બેંકરને ફ્રોડના મામલામાં પકડી લેવામાં આવે છે અને સજા કરવામાં આવે છે. પહેલી જાન્યુઆરી ૨૦૧૫થી લઈને ૨૦૧૭ વચ્ચે જાહેર ક્ષેત્રની બેંકોના ૫૨૦૦ કર્મચારીઓને પકડી લેવામાં આવ્યા છે. સાથે સાથે આ તમામને છેતરપિંડીના મામલામાં સજા કરવામાં આવી છે. આરબીઆઈના દસ્તાવેજમાં જણાવવામાં આવ્યું છે કે, ફ્રોડમાં પકડી પાડવામાં આવેલા આ કર્મચારીઓને દોષિત ઠેરવવામાં આવ્યા છે. દંડ ફટાકરવામાં આવ્યા છે. નોકરીમાંથી કાઢી પણ મુકવામાં આવ્યા છે. રિઝર્વ બેંક હાલના સમયે એપ્રિલ ૨૦૧૭થી લઈને હજુ સુધીના મામલામાં તપાસ કરે છે જેને લઈને ડેટા તૈયાર કરવામાં આવી રહ્યા છે.

# ઈરાનમાં વિમાન દુર્ઘટનામાં ૬૬ના મોત



**તહેરાનથી યાસુજ તરફ જઇ રહેલું વિમાન દુર્ઘટનાગ્રસ્ત : મહેરાબાદમાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટથી ઉંડાણ ભર્યા બાદ થોડાક સમયમાં જ રડાર પરથી લાપત્તા : કાટમાળ મળ્યો : મૃતકોમાં એક બાળક**

તહેરાન,તા. ૧૮

ઈરાનના એક યાત્રી વિમાન દુર્ઘટનાગ્રસ્ત થવાના સમાચારથી ખળભળાટ મચી ગયો છે. યાત્રી વિમાન દુર્ઘટનાગ્રસ્ત થતાં તેમાં રહેલા તમામ ૬૬ યાત્રીઓના મોત થઈ ગયા છે. દુર્ઘટનાગ્રસ્ત વિમાન તહેરાનથી યાસુજ તરફ જઈ રહ્યું હતું. હાલના સમયમાં બીજી મોટી વિમાન દુર્ઘટના થઈ છે. થોડાક દિવસ પહેલા જ રશિયામાં વિમાન દુર્ઘટના થઈ હતી જેમાં ૭૦થી વધુ લોકોના મોત થઈ ગયા હતા. ઈરાનની અસેમન એરલાઈન્સ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, તેનું વિમાન દક્ષિણી ઈરાનમાં દુર્ઘટનાગ્રસ્ત થયું છે અને વિમાનમાં રહેલા તમામ લોકોના મોત થઈ ગયા છે. આ વિમાને તહેરાનના

● અનુસંધાન પાન-૭ પર

## પીએનબીના ખાતાઓ ફ્રીઝ થયાના મેસેજ વાયરલ થયા

**સોશિયલ મિડિયા પર મેસેજથી વ્યાપક દહેશત**

**પીએનબીના તમામ બેંક ખાતા સીઝ કરી દેવાયા છે અને ખાતા ધારક ૩૦૦૦થી વધુ નહીં ઉપાડી શકે તેવા અહેવાલ**

નવીદિલ્હી, તા. ૧૮

પંજાબ નેશનલ બેંકના ૧૧૫૦૦ કરોડ રૂપિયાના ફ્રોડને લઈને દેશભરમાં વ્યાપક ચર્ચા છેડાયેલી છે ત્યારે સોશિયલ મિડિયા ઉપર એક મેસેજ વાયરલ થઈ રહ્યો છે. જેમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ પીએનબીના તમામ બેંક એકાઉન્ટને સીઝ કરી દીધા છે. સોશિયલ મિડિયા ઉપર વાયરલ થઈ રહેલા મેસેજ મુજબ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ આગામી આદેશ સુધી તાત્કાલિક અમલ સાથે પંજાબ નેશનલ બેંકના તમામ ખાતા ફ્રીઝ કરી દીધા છે. પીએનબીના ખાતા ધારકો બેંકમાંથી ૩૦૦૦ રૂપિયાથી વધારે ઉપાડી શકશે નહીં. આ મેસેજ વાયરલ થયા બાદ લોકોમાં દહેશત પણ દેખાઈ રહી છે.

આ મેસેજની સાથે કેટલાક લોકો પીએનબીના ચેક સ્વીકાર ન કરવાની અપીલ પણ કરી રહ્યા છે. સોશિયલ મિડિયા ઉપર આ પ્રકારના મેસેજ વાયરલ થયા બાદ પરેશાની વધી ગઈ છે. કારણ કે પીએનબીમાં આશરે ૧૦ કરોડ લોકોના બેંક ખાતા છે. આ પ્રકારના મેસેજને લઈને પરેશાન પીએનબી ખાતા ધારકો સોશિયલ મિડિયા ઉપર મેસેજને સમર્થન આપવાની વાત કરી રહ્યા છે. બીજી બાજુ આરબીઆઈએ આવા કોઈ નિર્ણય કર્યા છે કે કેમ તેને લઈને ચર્ચા છેડાઈ ગઈ છે. હજુ સુધી કોઈ ખુલાસો કરવામાં આવ્યો નથી. પીએનબી કૌભાંડની સજા સામાન્ય લોકોને કેમ મળે તેવો પ્રશ્ન પણ થઈ રહ્યો છે. બીજી બાજુ કેટલાક અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, પીએનબી સામે આવી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

## દિલ્હીમાં ભાજપના નવા કાર્યાલયનું વિધિવત ઉદ્‌ઘાટન

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે વિધિવત ઉદ્‌ઘાટન : અતિઆધુનિક કાર્યાલયમાં ૭૦ રૂમ બનાવવામાં આવ્યા : તમામ રુમોમાં વાઈફાઈ**

નવીદિલ્હી, તા. ૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ભારતીય જનતા પાર્ટીના નવા હેડક્વાર્ટ્સનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ પ્રસંગે પાર્ટીના રાજકીય



હોદ્દેદારો, સાંસદો ઉપરાંત ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. પાર્ટીની આ નવી ઓફિસ ૬ દિનદયાળ ઉપાધ્યાય માર્ગ ઉપર બની છે. લાલ પથ્થરોથી તૈયાર કરવામાં આવેલી આ ઈમારતને ૧૪ મહિનામાં તૈયાર કરવામાં આવી છે. આ બિલ્ડિંગમાં તમામ પ્રકારની અતિઆધુનિક સુવિધાઓ રાખવામાં આવી છે. ઈમારતમાં અંડરગ્રાઉન્ડ પાર્કિંગ ઉપરાંત પાર્ટી હોદ્દેદારોના ઓફિસો અને કોન્ફરન્સ હોલ પણ બનાવવામાં આવ્યા છે. આ અવસરે મોદીએ રેકોર્ડ સમયમાં ઓફિસના નિર્માણને લઈને ભાજપના અધ્યક્ષ અમિત શાહ અને તેમની પાર્ટીને શુભેચ્છા આપી હતી. તેમણે ઉમેર્યું હતું કે, આજે શ્યામા પ્રસાદ મુખર્જી અને દિનદયાળ ઉપાધ્યાયના આત્માને શાંતિ મળી રહી હશે. આ મહાન નેતાઓએ જેના બિયા રોપ્યા હતા તે વૃક્ષ બનીને આજે લોકોની અપેક્ષાઓ પૂર્ણ કરે છે. સ્વતંત્રતા બાદ જેટલા પણ રાષ્ટ્રીય આંદોલન થયા તેનું નેતૃત્વ જનસંઘ અને ભાજપ દ્વારા કરવામાં આવ્યું છે. મોદીએ કહ્યું હતું કે, ભાજપ ૧૦૦ ટકા લોકતાંત્રિક પાર્ટી છે. ભાજપમાં નિર્ણય લેવાથી લઈને તેને લાગૂ કરવામાં લોકશાહી વ્યવસ્થા છે. ભાજપ દેશભક્તિના રંગમાં રંગાયેલી પાર્ટી છે.

● અનુસંધાન પાન-૭ પર

## કેનેડાના વડાપ્રધાન ટ્રુડોએ તાજ મહેલના દિદાર કર્યા

**પરિવારના સભ્યો સાથે તાજમહેલની ખુબસુરતી જોઇને ખુબ રોમાંચિત**



આગરા, તા. ૧૮

ભારતના પ્રવાસે પહોંચેલા કેનેડાના વડાપ્રધાન જસ્ટિસ ટ્રુડો આજે આગરા પહોંચ્યા જ્યાં તેઓએ પરિવાર સાથે વિશ્વ પ્રસિદ્ધ તાજમહેલના દીદાર કર્યા હતા. જસ્ટિન ટ્રુડો અહીં પોતાના પરિવારની સાથે પહોંચ્યા હતા. અલબત્ત પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ તેના સ્વાગત માટે પહોંચ્યા ન હતા. કેનેડાના વડાપ્રધાન ટ્રુડો અહીં પોતાની પત્નિ સોફી ગ્રેગોઈર અને ત્રણ બાળકો ઝેવિયર, ઈલાગ્રેસ અને હેડ્રીની સાથે પહોંચ્યા હતા. સમગ્ર પરિવારની સાથે દુનિયાના સાત અજુબામાં સામેલ તાજમહેલને નિહાળ્યા બાદ મોજમસ્તીના મૂડમાં દેખાયા હતા. અહીંના વિઝિટર્સ બુકમાં પણ નોંધ લખી હતી. દુનિયાના સૌથી ખુબસુરત સ્થળો પૈકીના એક એવા તાજમહેલને જોઈને તેઓ રોમાંચિત થયા છે. કેનેડાના એરફોર્સના વિમાનથી ખેડિયા એરબેઝ પહોંચેલા ટ્રુડોના પરિવારના સભ્યો સીધા તાજમહેલ પહોંચ્યા હતા. વીઆઈપી મૂવમેન્ટના કારણે તાજમહેલમાં સામાન્ય લોકો માટે પ્રવેશ સવારે ૯.૪૦થી લઈને ૧૧.૪૦ સુધી બંધ રાખવાનો નિર્ણય કરાયો હતો.

# રાજ્યભરમાં દલિત સમાજનો આક્રોશ

**ધારાસભ્ય મેવાણીની અટકાયત બાદ દલિતોનો આક્રોશ ભભૂક્યો : આક્રોશની જ્વાળામાં કેટલાક વિસ્તાર લપેટાયા : હિંસક દેખાવો : અમદાવાદમાં કાર સહિત ૪ વાહનને આગ ચાંપી દેવાઈ : ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ઠેર-ઠેર જોરદાર વિરોધ પ્રદર્શનો**



અમદાવાદ,તા. ૧૮

પોતાના હક્કની જમીનની લડતને લઈ પાટણ કલેકટર કચેરી ખાતે ગઈકાલે આત્મવિલોપન કરી આખરે મોતને વ્હાલું કરનાર દલિત વૃધ્ધ ભાનુભાઈ વણકરના મોત બાદ આજે દલિત યુવા નેતા જીગ્નેશ મેવાણી સહિતના આગેવાનોએ આજે અમદાવાદ બંધનું એલાન આપ્યું હતુ પરંતુ કેટલાક વિસ્તારોને બાદ કરતાં બંધની કોઈ ખાસ અસર જોવા મળી ન હતી. ખાસ કરીને દલિત વિસ્તારોમાં બંધની અસર વર્તાતી હતી. તો સાથે સાથે શહેરમાં એક અંજપો અને આંતરિક દહેશતની લાગણી ફેલાયેલી જોવા મળી હતી. શહેરમાં એક કાર અને બાઈને આગચંપી અને ઉગ્ર વિરોધ-દેખાવોની ઘટનાને લઈ કેટલાક વિસ્તારોમાં વાતાવરણ તંગ બન્યું હતુ. આજે સવારે સારંગપુર સર્કલ પાસે આજે દેખાવો અને વિરોધની બીજીબાજુ, દલિત યુવા નેતા જીગ્નેશ મેવાણીની ક્રાઈમબ્રાંચના અધિકારીઓએ તેઓ સરસપુરથી સારંગપુર આવી રહ્યા ત્યારે વચ્ચેથી જ અટકાયત કરી લીધી હતી. મેવાણીની અટકાયત બાદ રાજયના પાટણ, ઉંઝા, મહેસાણા, પાલનપુર, વડનગર ઉપરાંત સૌરાષ્ટ્રમાં મોરબી, જૂનાગઢ, ગોંડલ, વેરાવળ સહિતના પંથકોમાં

● અનુસંધાન પાન-૭ પર

## મુંબઈ ઍરપોર્ટ ૯ અને ૧૦ એપ્રિલના રોજ છ કલાક બંધ રહેશે

મુંબઈ,તા.૧૮

ચોમાસા પહેલાંના અને ચોમાસા બાદના કોઈ અઘટિત બનાવ ના બને તેના નિવારણ અંગેના જાળવણી કામ માટે મુંબઈ ઍરપોર્ટને ફ્લાઈટ ઑપરેશન્સ માટે ૯ અને ૧૦ એપ્રિલના રોજ અને ૨૩ ઑક્ટોબરના રોજ છ કલાક માટે બંધ રાખવામાં આવશે. ચોમાસા પહેલાં ઍરપોર્ટની જાળવણીનું કામ કરવું જરૂરી છે, તેથી ૯ અને ૧૦ એપ્રિલના રોજ સવારે ૧૧ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધી મુંબઈ ઍરપોર્ટ પર ઉડ્ડયન અને ઉતરાણનું કામ બંધ રાખવામાં આવશે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય